જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૯/૨૦૧૮ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

સમાચાર યાદી નં.૧૮૬૨/૧૮

### અમદાવાદ શહેરના નારણપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી વાહન ચોરી તથા મોબાઈલ ચોર ઈસમોને મોબાઈલ સાથે ઝડપી પાડતી નારણપુરા પોલીસ

નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૧ સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચનાથી મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "બી" ડિવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ મિલ્કત સંબંધી ગુના શોધી કાઢવા તેમજ ગુના બનતા અટકાવવા સર્વેલન્સ સ્કોડના અ.હે.કો. પ્રદિપસિંહ શિવસિંહ બ.નં.૯૬૬૭ તથા હેડ.કોન્સ નરેન્દ્રસિંહ બચુભા બ.નં.૮૮૮૮, પો.કોન્સ. ભરતસિંહ હિમ્મતસિંહ બ.નં.૩૩૫૯, પો.કો. ક્રિપાલસિંહ સજ્જનસિંહ બ.નં.૩૨૨૩, પો.કો. કેશરીસિંહ ચંદુભાઈ બ.નં.૫૯૩૩, પો.કો. હરદાસ લખમણભાઈ બ.નં.૬૯૭૪, પો.કો. સરદારસિંહ ભરતસિંહ બ.નં.૬૮૩૩ તથા પો.કો. વાલસિંહ જીતેંદ્રસિંહ બ.નં.૧૦૨૧૮ તથા પો.કો. જયંતીભાઈ વિરમભાઈ બ.નં.૬૭૮૪ તથા અ.લોકરક્ષક દિલીપજી પ્રધાનજી બ.નં.૧૧૫૦ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના પો.કો. કેશરીસિંહ ચંદુભાઈ બ.નં.૫૯૩૩ તથા પો.કો. ભરતસિંહ હિમ્મતસિંહ બ.નં.૩૩૫૯ નાઓને તેઓના ખાનગી બાતમીદારથી બાતમી હકીકત મળતા શાસ્ત્રીનગર બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ તરફથી શાસ્ત્રીનગર ચાર રસ્તા તરફ આવતા એક શકદાર ઈસમ નામે કુશાલ ઉર્ફે કાંચો યોગેશભાઈ રાજપુત ઉવ.૨૧ રહે- મોહનધુળાની ચાલી બકરામંડી કાળીગામ રોડ રાણીલ નાને પકડી અંગજડતી તપાસ કરતાં તેનાં પેન્ટનાં ખિસ્સામાંથી (૧) હોનર કંપનીનો મોબાઈલ ફોન તથા (૨) એમ.આઈ.કંપનીનો મોબાઈલ ફોન મળી આવેલ જે મોબાઈલ સંબંધે ફોનના બીલ માંગતાં પોતાની પાસે નહિ હોવાનું જણાવતા અને ગલ્લાતલ્લા કરતો હોય અને કોઈ સંતોષકારક જવાબ આપતો ન હોય જેથી સદરી ઈસમની સી.આર.પી.સી. કલમ ૪૧(૧)(ડી) મુજબ ધરપકડ કરી બન્ને મોબાઈલ ફોન સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ કબ્જે કરેલ અને ત્યારબાદ સદરી આરોપીની પુછપરછ કરતા આ મોબાઈલ ફોન પોતાને વેચવા માટે પોતાના મિત્ર (૧) દર્શન ઉર્ફે ટીટુ અશ્વિનભાઈ સોની ઉવ.૨૦ રહે હાલ- સુરત તથા (૨) દશરથ ઉર્ફે દશો રમેશભાઈ ઠાકોર ઉવ.૧૯ રહે- બકરામંડીની પાછળ રાણીપ તથા (૩) કાયદાના સંઘર્ષમા આવેલ કિશોર નામે તીર્થ ઉર્ફે નાનુ અશ્વિનભાઈ સોની ઉવ.૧૭ નાઓએ અલગ અલગ જગ્યાએથી મોબાઈલ ફોન ચોરી કરીને આપેલ હતા. અને બીજા મોબાઈલ ફોન નંગ-૪ પોતાના ઘરે રાખી મુકેલાનુ જણાવતા સદરી આરોપીના ઘરે જઈ તપાસ કરતા બીજા મોબાઈલ ફોન (૧) સેમસંગ કંપની નો મો.ફોન J7 MAX મોડલનો જેની આશરે હાલની કિં.રૂ. ૭૦૦૦/- ગણી શકાય તથા (૨) VIV0 કંપનીનો મો.ફોન V9 મોડલનો જેની હાલની આશરે કિં.રૂ. ૧૨,૦૦૦/- ગણી શકાય (૩) OPPO કંપનીનો મોબાઈલ ફોન F7 મોડલનો જેની આશરે હાલની કિં.રૂ. ૧૧૦૦૦/- ગણી શકાય. (૪) સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન ગેલેક્ષી જે-૭ મોડલનો જેની હાલની આશરે કિં.રૂ. ૪૦૦૦/- ગણી કુલ્લે કિં.રૂ. ૫૧૦૦૦/- ની મત્તાનો મુદ્દામાલ કબ્જે કરેલ છે. જે બાબતે અત્રેના પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.ર.નં. ૯૬/૧૮ ઈપીકો કલમ ૪૧૧, ૪૧૪ મુજબ ગુનો દાખલ કરેલ છે.

બાદ આરોપીઓની વધુ પુછપરછ કરતા આરોપી નં.(૧) તથા (૨) તથા (૩) નાઓએ અગાઉ નારણપુરા પોસ્ટે. ફ.ગુ.ર.નં.૬૦/૧૮ ઈપીકો કલમ ૩૭૯ મુજબના કામે આઈ-૨૦ ફોરવ્હીલ ગાડી ચોરી કરેલાની કબુલાત કરેલ છે તથા આરોપી નં.(૨) તથા (૩) નાઓએ સોલા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક KTM મો.સા. ની ચોરી કરેલાની કબુલાત કરેલ છે. તેમજ સોલા, સાબરમતી તથા ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી મોબાઈલ ફોન ચોરી કરેલાનુ કબુલાત કરેલ છે. આ આરોપીઓ અગાઉ પણ ચોરીના ગુનામા પકડાયેલ છે. અને અત્રેના પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.ર.નં. ૯૬/૧૮ ઈપીકો કલમ ૪૧૧, ૪૧૪ મુજબ ગુનો દાખલ કરેલ છે.

## દરીયાપુર પોલીસ સ્ટેશન

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર -૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા ઇ.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી 'એફ' ડિવીઝન નાઓની તથા સિનિયર પોલીસ ઇન્સ્પેકટર દરિયાપુર પોલીસ સ્ટેશન નાઓની આપેલ સુચના તેમજ માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પો.સબ ઇન્સ. એસ.એ.પાટીલ તથા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા ગણેશ વિસર્જન બદોબસ્ત પેટ્રોલિંગમાં હતા દરમ્યાન અ.પો.કો.સહદેવસિંહ રાજેન્દ્રસિંહ બ.નં.૮૬૧૭ તથા અ.લો.ર. કુલદીપસિંહ ધરમેન્દ્રસિંહ બ.નં.૫૫૩ નાઓની સંયુકત બાતમી હકિકત આધારે શાહપુર પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં-૫૧૫૨/૨૦૧૮ પ્રોહી કલમ ૬૬બી,૬૫એ એ,૧૧૬ મુજબના ગુનાના કામે નહી પકડાયેલ અક્ષય સુરેશભાઇ કડિયા ઉ.વ.૨૫ ધંધો:મજુરી રહેવાસી: મ.નં.૨૫૨૯/૪ છેલ્લીકોટ શેરી કડિયાનાકા દરીયાપુર અમદાવાદ શહેર ને તા.૨૩/૦૯/૨૦૧૮ ના કલાક ૨૦/૧૦ વાગે દરીયાપુર કડીયાનાકા ખાતેથી સી.આર.પી.સી. કલમ-૪૧(૧)એ મુજબ પકડી અટક કરી કાયદેસર કાર્યવાહી કરેલ છે અને શાહપુર પોલીસ સ્ટેશન પ્રોહીબીશનના ગુનાના નહી પકડાયેલ આરોપી પકડી પાડી દરિયાપુર પોલીસે પ્રશંસનીય તથા ઉમદા કામગીરી કરેલ છે.તા.૨૩/૦૯/૨૦૧૮

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.